# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૧/ક્વા-૧/૨૧-૨૨/**૪૩૫૦-૨** **તા.૨૦/૦૭/૨૦૨૧**

**૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.**

**No.PG-** ૧૧/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર : **શૈલેશભાઈ વલ્લભભાઈ કાકડિયા** ગામ: **રાજકોટ**
**પેટા** વિભાગીય કચેરી : કુવાડવા
રજૂઆત કરનાર : **અરજદાર શૈલેશભાઈ વલ્લભભાઈ કાકડિયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર : ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી એમ.એ.ચાવડા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર)

**૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગામ સુકલ પીપળીયા ખાતે ખેતીવાડી વિસ્તારમાં રહેણાંક હેતુનું વીજજોડાણ મેળવવા માટે ભાવપત્રક રૂ.૧,૦૯,૦૪૧/- તા.૨૦-૦૪-૧૮ થી ભરપાઈ કરેલ છે. જે અન્વયે અલગ ૦૫ KVA નું નવું ૧Ø નું ટ્રાન્સફોર્મર અલાયદું મુકીને વીજજોડાણ આપવામાં આવેલ. ત્યારબાદ અગ્રતાક્રમ**

**મુજબ ખેતીવાડી હેતુ માટેનું થ્રી ફેઇઝ વીજજોડાણ આપેલ ત્યારે સદર ઘરવપરાશના વીજજોડાણનું સિંગલ ફેઇઝ ટીસી ઉતારી લેવામાં આવેલ અને તેની જગ્યાએ મંજુર થયેલ ખેતીવાડી જોડાણનું થ્રી ફેઇઝ ટ્રાન્સફોર્મર મુકીને ઘરવપરાશનું વીજજોડાણ તેમાંથી આપવામાં આવેલ પરંતુ ત્યારથી આજ સુધી અરજદારને ઘરવપરાશના વીજજોડાણમાં ૨૪ કલાક વીજપુરવઠો પુરતા વોલ્ટેજથી આપવામાં આવેલ નથી.**

**૨.૧ અરજદાર વધુમાં જણાવે છે કે આર્થિક સંકડામણ હોવા છતાં જીવન જરૂરિયાત માટે ઘરવપરાશ માટેનું વીજજોડાણ ખુબજ મોટી રકમ ભરપાઈ કરીને લીધેલ છે. તેમ છતાં, પીજીવીસીએલ દ્વારા પુરતા વોલ્ટેજ ન આપવાના કારણોસર અમારા વીજ સાધનોમાં વારંવાર ખરાબ થવાને લીધે નાણાકીય નુકશાન જાય છે. સદર બાબતે સ્થાનિક કુવાડવા PGVCL કચેરી માં સમયાંતરે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ આપવામાં આવેલ નથી. વધુમાં અરજદાર વધુ રજુઆતમાં જણાવે છે કે – (૧) હાલ ના ઘરવપરાશ માટેના વીજજોડાણમાં PGVCL દ્વારા ટેકનીકલ બાબતોને ધ્યાને લીધા વગર સિંગલ ફેઇઝ ટ્રાન્સફોર્મર ઉતારેલ છે તે ફરીથી મુકીને પૂરતા વોલ્ટેજથી વીજપાવર આપવા સામાવાળાને હુકમ કરવો અથવા (૨) ખેતીવાડી વિસ્તારમાં રહેણાંક હેતુના હયાત વીજજોડાણ અન્વયે ભરપાઈ કરેલ ૦૫ KVA ના ૧Ø ના ટ્રાન્સફોર્મરની રકમ રીફંડ આપવામાં આવે તે મુજબની અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.**

**૨.૨ અરજદાર દ્વારા તા.૨૮-૦૬-૨૧ થી પી.જી.વી.સી.એલ.ની કુવાડવા પેટાવિભાગીયને પત્ર પાઠવેલ છે તેની નકલ રજુ કરેલ છે.**

**૨.૩ અરજદાર દ્વારા ફોરમ કમિટી મીટીંગ દરમ્યાન તેઓના ૧Ø વીજજોડાણના મીટરમાં તા.૦૩-૦૬-૨૧ થી તા.૧૨-૦૭-૨૧ સુધી નોંધાયેલ વોલ્ટેજની શીટ રજુ કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી શૈલેશભાઈ વલ્લભભાઈ કાકડીયાના નામે ગ્રાહક નંબર ૮૯૬૨૫/૦૫૨૮૯/૫ (AG/RL) ના વીજજોડાણમાં સિંગલ ફેઇઝ પાવર ઓછો મળતો હોવાથી ફરીયાદ કરેલ છે.

3.૧ સદર ફરિયાદનાં અનુસંધાને તા.૧૦.૦૬.૨૦૨૧ નાં રોજ પીજીવીસીએલ દ્વારા ગ્રાહકનાં પ્રતિનીધી શ્રી સંજયભાઈની હાજરીમાં તેઓના AG/RL વીજજોડાણ કે જે ૧૧ કેવી શુક્લ પીપળીયા ખેતીવાડી ફીડરમાંથી આવે છે જેમાં સિંગલ ફેઇઝ અને થ્રી ફેઇઝ એમ બન્ને સ્થીતીમાં ઘર પર જોડાયેલ લોડ ચેક કરવામાં આવેલ હતો જે બરાબર છે.

3.૨ ખેતીવાડી વીજજોડાણ ધરાવતા ગ્રાહકોને તેઓના ખેતીવાડી હેતુ માટે ૦૮ કલાક થ્રી ફેઇઝ પાવર તથા ત્યારબાદ લાઈટીંગ હેતુ માટે બાકીના સમયમાં વીજસપ્લાય આપવામાં આવે છે. જે તા.૧૦.૦૬.૨૦૨૧ નાં રોજ યથાયોગ્ય હતો.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

**૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓના ખેતીવાડી રહેણાંક વીજજોડાણ ગ્રા.નં.૮૯૬૨૫/૦૫૨૮૯/૫ માં પૂરતા વોલ્ટેજ મળતા ન હોવાથી અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**

**૪.૨ અરજદારે ૧Ø સદર વીજજોડાણ મેળવવા માટે રસીદ નં ૬૮૦૦૪૫ તા.૨૦-૦૪-૧૮ ના રોજ રૂ.૧,૦૦,૦૦૦/- સર્વિસ જોડાણ ચાર્જ તેમજ રસીદ નં ૬૮૦૦૪૬ તા.૨૦-૦૪-૧૮ ના રોજ રૂ.૧,૧૨૯/- સિક્યોરીટી ડીપોઝીટ ચાર્જ પેટે ભરપાઈ કરેલ છે તેની નકલ રજુ કરેલ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ૧Ø**

**ટ્રાન્સફોર્મર ઉભું કરીને ખેતીવાડી રહેણાંક વીજજોડાણ તા.૨૭-૦૬-૨૦૧૮ ના રોજ થી રીલીઝ કરેલ છે. ત્યારબાદ અરજદારની ખેતીવાડી હેતુ માટેના થ્રી ફેઇઝ વીજજોડાણની અરજી અન્વયે અગ્રતાક્રમ મુજબ વારો આવતા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ જે અનુસંધાને અરજદારનું સદર હયાત ૧Ø ટ્રાન્સફોર્મર ઉતારીને તેની જગ્યાએ ૩Ø ટ્રાન્સફોર્મર મુકીને તેમાંથી રહેણાંક અને ખેતીવાડી હેતુના વીજજોડાણો રીલીઝ કરેલ છે.**

૪.૩ **ત્યારબાદ અરજદારના રહેણાંક ૧Ø વીજજોડાણમાં પૂરતા દબાણથી વોલ્ટેજ ન મળવા અંગેની ફરિયાદ કરેલ છે જે અન્વયે તા.૧૦-૦૬-૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સ્થળ તપાસ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં કરેલ તે મુજબ અરજદારના સદર વીજજોડાણને** ૧૧ કેવી શુક્લ પીપળીયા ખેતીવાડી ફીડર માંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે જેમાં લોડ ચેક કરવામાં આવેલ હતો જે બરાબર છે તેમજ **ખેતીવાડી હેતુંમાંટે ૦૮ કલાક ૩Ø પાવર ત્યારબાદ લાઈટીંગ હેતુ માટે પાવર સપ્લાય આપવામાં આવે છે.**

૪.૪ **ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તા.૨૮-૦૬-૨૧ થી પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીને સંબોધીને જવાબ રજુ કરેલ છે તે મુજબ તા.૧૦-૦૬-૨૧ ના સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યાની વચ્ચે પી.જી.વી.સી.એલ. દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ ત્યારે ૩Ø ના ૦૮ કલાકના પાવરનો સમય સવારના ૦૯:૧૫ થી ૦૫:૧૫ નો હતો જેથી પાવર પૂરો મળતો હતો આમ, સદર રીપોર્ટમાં જણાવેલ વિગત બરાબર હતી.**

૪.૫ **વધુમાં અરજદાર દ્વારા તા.૦૩-૦૬-૨૦૨૧ થી તા.૧૨-૦૭-૨૦૨૧ સુધી થ્રી ફેઇઝ પાવરનો સમય પૂરો થઇ ગયા પછી ૧Ø મીટરમાં નોંધાયેલ વોલ્ટેજના ફોટોગ્રાફ રજુ કરેલ છે તે મુજબ ૧૪૨.૮વોલ્ટ થી ૧૫૨ વોલ્ટની વચ્ચે નોંધાયેલ છે.**

૪.૬ **સદર કેઈસમાં અરજદારની રજૂઆત અન્વયે - નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૩.૨ માં નીચે મુજબ જણાવેલ છે.**

"The rated voltage of the AC supply should be as follows:

| Category | System of Supply |
|---|---|
| For all installations upto and inclusive of 6 kW of Connected Load, subject to motive power load other than irrigation pump not exceeding 2 HP in the aggregate. | 230 V- Single Phase |
| For all installations exceeding 6 kW of Connected Load (motive power load exceeding 2 HP and upto 150 HP in the aggregate) and upto 100 kVA/kW of Contracted Demand. | 400 V- Three Phase |
| For all installation with Contract Demand exceeding 100 kVA/kW and upto 4000 kVA/kW.<br>However, for the existing 22 kV consumer, the Contact Demand limit shall be extended upto 8000 kVA/kW subject to undertaking from consumer for reverting back to 4000 kVA/kW limit in case of change of system to 11 kV under system conversion scheme. | 11 kV and 22 kV - Three Phase |
| All installation with Contract Demand exceeding 4000 kVA/kW. | At 33 kV and above-Three Phase |

તેમજ નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૧૦/૨૦૦૫ ના મુદ્દા નં ૬.૩ માં નીચે મુજબ જણાવેલ છે.

"The licensee shall maintain the voltages at the point of commencement of supply to a consumer within the limits stipulated hereunder, with reference to declared voltage:

(a) In the case of Low Voltage, +6% and -6%;

(b) In the case of High Voltage, +6% and -9%; and,

(c) In the case of Extra High Voltage, +10% and -12.5%.

The complaint regarding low voltage arising due to inadequacy in the distribution system requiring upgradation of LT distribution lines, transformers or installation of capacitors shall be resolved within 60 days and where upgradation of HT/EHT system is required, the complaint shall be resolved within 180 days. The complainants shall be informed in writing."

**૪.૭ અરજદારની રજૂઆત અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ માં જણાવેલ નામદાર જીઈઆરસીના નોટીફીકેશનના જણાવેલ ક્લૉઝ મુજબ અરજદારના ખેતીવાડી રહેણાંક હેતુંના ૧Ø મીટરમાં પાવર સપ્લાય ૨૩૦ વોલ્ટેજના** +6% and -6% ની નિર્દિષ્ટ મર્યાદામાં હોવા જોઈએ જેને બદલે **૧૪૨.૮ વોલ્ટ થી ૧૫૨ વોલ્ટની વચ્ચે નોંધાયેલ છે જે** નિર્દિષ્ટ મર્યાદા કરતા **ઓછા વોલ્ટેજ છે. સદર બાબતે ૧Ø પાવર દરમ્યાન અરજદારના ૧Ø મીટરમાં અપાયેલ ફેઇઝ ટેકનીકલી વેરીફાય કરવું અથવા અરજદારની રજૂઆત મુજબ ૧Ø ટ્રાન્સફોર્મર ફરીથી સ્થાપિત કરીને પૂરતા વીજદબાણે વીજપુરવઠો મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી દિવસ-૬૦ માં કરીને અરજદારની ફરિયાદનું નિરાકરણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સુચના આપવામાં આવે છે. પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને પાઠવવાની પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.**

**૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબ ની વિગતે હુકમ કરવામાં આવે છે.**

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯